# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર
# વલ્લભ વિદ્યાલય, બોચાસણ ૩૮૮૧૪૦
# તા.બોરસદ જિ.આણંદ

## પ્રવૃતિ – દર્પણ

અંક : ૧૧ જાન્યુઆરી ૨૦૨૦

૧. સમાજસેવા એવોર્ડ અર્પણ સમારંભનું પ્રસારણ જોયુ.
તા.૦૧/૦૧/૨૦૨૦ બુધવાર.
૨. સર્વોદયમેળાની પૂર્વ તૈયારી માટે બેઠક.
તા.૦૮/૦૧/૨૦૨૦ બુધવાર.
૩. સર્વોદયમેળાની પૂર્વ તૈયારી માટે જીવન સાધના ટ્રસ્ટ શિક્ષણ સંકુલ બામનગામની મુલાકાત. તા.૦૯/૦૧/૨૦૨૦ ગુરૂવાર.
૪. શિક્ષણ મહાવિદ્યાલય, ધર્મજના વિદ્યાર્થીઓની અભ્યાસ અર્થે સંસ્થા મુલાકાર તા.૧૦/૦૧/૨૦૨૦ શુક્રવાર.
૫. સેવક પરિવાર પ્રવાસ તા.૧૨/૦૧/૨૦૨૦ રવિવાર.
૬. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ નું બજેટ તૈયાર કર્યુ. તા.૨૦/૦૧/૨૦૨૦ સોમવાર.
૭. સી.એ.ઑડિટ ૨૦૧૯-૨૦૨૦. તા.૨૧/૦૧/૨૦૨૦ મંગળવાર.
૮. બાલ ક્રિડાંગણ તૈયાર કર્યુ. તા.૨૧/૦૧/૨૦૨૦ મંગળવાર.
૯. નિર્ધૂમ ચૂલા તૈયાર કર્યા. તા.૨૧/૦૧/૨૦૨૦ મંગળવાર.
૧૦.કુમાર છાત્રાલયના ગૃહપતિઓ સાથે બેઠક તા.૨૧/૦૧/૨૦૨૦ મંગળવાર.
૧૧. તા.૧૨/૦૨/૨૦૨૦ને બુધવારે જીવન સાધના ટ્રસ્ટ શિક્ષણ સંકુલ – બામણગામ ખાતે યોજાનાર સર્વોદયમેળાની પૂર્વ તૈયારી માટે બેઠક.
તા.૨૩/૦૧/૨૦૨૦ ગુરૂવાર.
૧૨. ૭૧ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી. તા.૨૬/૦૧/૨૦૨૦ રવિવાર.
૧૩. સર્વોદયમેળાની તૈયારી માટે શિક્ષણ સંકુલ – બામણગામની મુલાકાત.
તા.૨૬/૦૧/૨૦૨૦ રવિવાર.
૧૪. ગાંધી નિર્વાણ દિન/. તા.૩૦/૦૧/૨૦૨૦ ગુરૂવાર.
૧૫. શતાબ્દી વર્ષ ઉજવણીના કાર્યક્રમો.
૧૬. રાજ્ય કક્ષાનો રમોત્સવ રાજપીપળા. તા.૨૯/૦૧/૨૦૨૦ બુધવાર.
૧૭. વિનયમંદિર ઉદ્યોગમાં શાકભાજી નું ઉત્પાદન
૧૪. ગંગાબા ગૌશાળામાં દૂધ ઉત્પાદન.

### -વાત્સ્લ્યમૂર્તિ ગંગાબા-

જન્મ:૧૫/૦૮/૧૮૭૮ દેહ વિલય:૨૯/૦૭/૧૯૮૮

ગંગાબેનનું વતન મુંબઇ , ધનાઢ્ય કુટુંબમાં ઉછેર થયો, સને ૧૯૨૪માં ૪૪ વર્ષની ઉંમરે સાબરમતી આશ્રમમાં જોડાયા. ત્યા તેમણે ગાંધીજીની આજ્ઞાથી રસોડાની જવાબદારી નિભાવી. આ સમયમાં બોચાસણના ગામ લોકોએ ઇ.સ.૧૯૩૦ માં નાકરની લડત શરૂ કરી ત્યારે ગામની બહેનોને માર્ગદર્શન આપવા આશ્રમની બહેનોને સાથે લઇ તેઓ બોચાસણ આવ્યા. તેમણે બોરસદ સત્યાગ્રહ સરઘસની આગેવાની સંભાળી. ૧૯૩૪માં ગાંધીજી ના આદેશ મુજબ ગંગાબેને ગ્રામોત્થાનની પ્રવૃત્તિ માટે બોચાસણની પસંદગી કરી. તેઓ વૈદ્યુ , તેમજ સામાન્ય સિવણ કામ જાણતા. તેથી તેમણે સારવાર કરવાનું અને કપડા સાંધતા શીખવવાનું શરૂ કર્યું. ૧૯૩૮માં એક ગાયથી અહીં ગૌશાળા શરૂ કરી. પૂ.રવિશંકર મહારાજના મોટા દીકરા મેઘાવ્રતજીની સાથે રહી દવાખાનું અને વલ્લભ વિદ્યાલયની ગૌશાળા વિકસાવી. ૮૫ વર્ષની ઉંમરે તેઓ ગૌશાળા સંચાલન માંથી નિવૃત થયા.

સંસ્થા પરિચય માળા માંથી.

સંકલન
૧.શ્રી ઉદેસિંહ સોલંકી
૨.શ્રી કિશોરભાઇ રાવલ ૩.શ્રી સુનિલકુમાર જાદવ
૪.શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી ૫.શ્રી રાવજીભાઇ પરમાર

ટાઇપ અને લે-આઉટ
શ્રી સાજીદભાઇ વહોરા

આ માસિક પત્રિકા ફક્ત શૈક્ષણિક હેતુ અને માર્ગદર્શન માટે છે

1. ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ દ્વારા સમાજસેવા એવોર્ડ અર્પણ સમારંભનું જિવંત પ્રસારણ તા.૦૧/૦૧/૨૦૨૦ને બુધવારના રોજ કરવામાં આવ્યું હતું ગ્રામસેવા કેન્દ્ર – વલ્લભ વિદ્યાલય , બોચાસણના બધા વિભાગો – કુમારમંદિર , વિનયમંદિર તથા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓએ તેને જોયું હતું.





2. ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ સંચાલિત ગ્રામસેવા કેન્દ્રો – બોચાસણ , ભારેલ , ભલાડા, દેથલી, અંભેટી તથા અમદાવાદ ગૂજરાત વિનયમંદિરના સેવકોની એક બેઠક ગ્રામસેવા કેન્દ્ર – વલ્લભ વિદ્યાલય , બોચાસણમાં સર્વોદયમેળાની પૂર્વ તૈયારી માટે મા.શ્રીરાજેન્દ્રભાઇ ખીમાણી (માનદ્ નિયામકશ્રી વિસ્તરણ) ના સાનિધ્યમાં મળી હતી. અને સર્વોદયમેળાના કાર્યક્રમોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

3. જીવન સાધના ટ્રસ્ટ શિક્ષણ સંકુલ – બામણગામની મુલાકાત નીચેના સભ્યોએ લીધી.

1. શ્રી ઉદિસંહ સોલંકી
2. શ્રી કિશોરભાઇ રાવલ
3. શ્રી સુનિલકુમાર જાદવ
4. શ્રી પ્રવિણભાઇ પટેલ
5. શ્રી મનીષભાઇ ભટ્ટ
6. શ્રી લખધીરભાઇ



આ બેઠકમાં નીચેના નિર્ણયો લેવાયા.

- સર્વોદયમેળો જીવન સાધના ટ્રસ્ટ શિક્ષણ સંકુલ- બામણગામમાં ગાંધીજીના શ્રાધ્ધદિને તા.૧૨/૦૨/૨૦૨૦ને બુધવારના રોજ રાખવો.
- પ્રદર્શન, વિદ્યાર્થી સંમેલન, વ્યાયામ નિદર્શન અને સંસ્કાર કાર્યક્રમ એ સર્વોદયમેળાના મુખ્ય કાર્યક્રમ રહેશે.
- ૧૦ સંસ્થાઓ ભાગ લેશે. દરેક સંસ્થામાંથી ૫૦ વિદ્યાર્થીઓ સામેલ થશે.

4. શિક્ષણ મહાવિદ્યાલય, ધર્મજના તાલીમાર્થી ભાઇઓ તથા અધ્યાપકો શિક્ષણા એક ભાગ રૂપે ગ્રામસેવા કેન્દ્રની મુલાકાતે આવ્યા. તેમણે નીચેની માહિતી મેળવી.

| | |
|---|---|
| 1 | સજીવખેતી |
| 2 | ગંગાબા ગૌશાળા |
| 3 | છાત્રાલય જીવન |
| 4 | પૂ.રવિશંકર મહારાજની સમાધિ. |



5. ગ્રામસેવા કેન્દ્રો – બોચાસણ તથા ભારેલના સેવકોનો પરિવાર સાથેનો એક દિવસનો પ્રવાસ તા.૧૨/૦૧/૨૦ના રોજ યોજાયો. તેમાં નીચેના સ્થળોની મુલાકાત લીધી.
   ૧. કુબેર ભંડારી
   ૨. ગરુડેશ્વર
   ૩. સ્ટેચ્યુ ઑફ યુનિટિ
   ૪. હર્ષદભવાની રાજપીપળા



6. ગ્રામસેવા કેન્દ્ર – બોચાસણ તથા ભારેલનું વર્ષ ૨૦૨૦-૨૦૨૧નું બજેટ તૈયાર કરી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મોકલી આપ્યું.

7. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી વર્ષ ૨૦૧૯-૨૦૨૦નું ડિસેમ્બર ૨૦૧૯ સુધીનું ઑડિટ કરવામાં આવ્યું. શ્રી નિતીનભાઇ રાઠોડ તથા ૬ ઑડિટરો સંસ્થા મુલાકાતે આવ્યા.





8. ધોરણ ૬ ,૭,૮ ના વિદ્યાર્થીઓ માટે લોકફાળામાંથી બાલ ક્રીડાંગણ તૈયાર કરવામાં આવ્યું. ૬ સાધનો ખરીદી, કુમારમંદિરના મકાનની પાછળના ભાગે જમીનમાં ઊભાં કરવામાં આવ્યાં.

9. શ્રી અબ્દુલ ચાચાએ ૫ વિદ્યાર્થીઓ તથા કડિયાની મદદથી નિર્ધૂમ ચૂલા તૈયાર કર્યા.





10. કુમાર છાત્રાલયના ગૃહપતિઓ સાથે છાત્રાલયા સંચાલન અંગે તા.૨૧/૦૧/૨૦૨૦ને મંગળવારે બપોરે ૪-૦૦ વાગે બેઠક રાખવામાં આવી શ્રી નિતીનભાઇ રાઠોડ , શ્રી અબ્દુલ ચાચા, શ્રી ઉદિસિંહ સોલંકી, શ્રી કિશોરભાઇ રાવલ તથા ગૃહપતિઓ હાજર રહ્યા.

11. તા.૧૨/૦૨/૨૦૨૦ને બુધવારે જીવન સાધના ટ્રસ્ટ સંચાલિત શિક્ષણ સંકુલ – બામણગામ ખાતે યોજાનાર સર્વોદયમેળાની પૂર્વ તૈયારી માટે ગ્રામસેવા કેન્દ્ર – દેથલીમાં મા.શ્રી રાજેન્દ્રભાઇ ખીમાણી તથા મા.શ્રી ભરતભાઇ જોશીના સાનિધ્યમાં એક બેઠક યોજાઇ. તેમાં સર્વોદયમેળાના કાર્યક્રમોની વિગતે ચર્ચા કરવામાં આવી. મા.શ્રી રાજેન્દ્રાભાઇ ખીમાણી તથા મા.શ્રી ભરતભાઇ જોશીએ સર્વોદયમેળાના કાર્યક્રમો અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું.



બેઠક બાદ ગ્રામસેવા કેન્દ્રો – ભલાડા, દેથલી તથા કૃષિવિજ્ઞાન કેન્દ્ર – દેથલીના સેવકોના પગાર તથા ખર્ચ દરખાસ્તો અંગે કામગીરી કરવામાં આવી.



12. ૭૧ મા પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે સવારે ૮-૩૦ વાગે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો ધ્વજવંદન કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓને મિઠાઇ વહેંચવામાં આવી.

13. શ્રી લાભુભાઇ બાઢીવાલાના આગ્રહથી સર્વોદયમેળાની તૈયારીના ભાગરૂપે શ્રી ઉદેસિંહ સોલંકી તથા શ્રી મેહૂલભાઇ પટેલે બામણગામની મુલાકાત લીધી. વિદ્યાર્થી સંમેલન, મેદાની કાર્યક્રમ, પ્રદર્શન, સંસ્કાર કાર્યક્રમ, મહેમાનો, ભોજન વ્યવસ્થા વગેરેની વિગતે ચર્ચા કરી.

14. ગાંધી નિર્વાણ દિન તા.૩૦/૦૧/૨૦૨૦ને ગુરૂવારના રોજ નીચેના કાર્યક્રમો રાખવામાં આવ્યા.

૧. શ્રમકાર્ય “શતાબ્દી વન” માં બપોરે ૪ થી ૫
૨. સમૂહ પ્રાર્થના પૂ.રવિશંકર મહારાજની સમાધિએ ૫-૦૦ વાગે.



15. શતાબ્દી વર્ષ ઉજવણીના કાર્યક્રમો

૧. વિનયમંદિરના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ શતાબ્દી વર્ષની ઉજવણી માટે પસંદ કરેલ ગામોમાં નીચેની પ્રવૃત્તિ કરી. (સરકારીઆ કૂવા, ગોરેલ, ડભાસી, ઉનેલી, ખાનપુર)




1 ગૂજરાત વિદ્યાપીઠ વિડિયો.
2 વ્યસનમુક્તિ વિડિયો.
3 વ્યસનમુક્તિ ચાર્ટનું પ્રદર્શન.
4 “મોબાઇલ અતિરેક” નાટક.
5 “વ્યસ” નાટક.

૨. અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓ તથા અધ્યાપકોએ શતાબ્દી વર્ષની ઉજવણી માટે પસંદ કરેલ ગામોમાં નીચેની પ્રવૃત્તિ કરી. (રૂદેલ,બોચાસણ, નાવડ, ચૂવા, રાવણાપુરા)



1 પ્રાર્થના સભાનું સંચાલન અને કાર્યક્રમ.
2 સફાઇ કાર્ય.

16. રાજ્યકક્ષાનો રમોત્સવ તા.૨૯/૦૧/૨૦૨૦ને બુધવારે રાજપીપળા મુકામે યોજાયો. તેમા અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓએ ભાગ લીધો. તેમા લાંબી કૂદમાં બીજો તથા યોગમાં ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો.

17. વિનયમંદિર ઉદ્યોગમાં જાન્યુઆરી માસમાં ૬૩૮ કિલો શાકભાજી ઉત્પાદન થયું.

18. ગંગાબા ગૌશાળામાં જાન્યુઆરી માસમાં ૨૧૬૮ લિટર દૂધ ઉત્પાદન થયું.